રાજયની શિક્ષણ વિભાગ હેઠળની યુનિવર્સિટી સંલગ્ન બિનસરકારી અનુદાનિત કોલેજોના બિનશૈક્ષણિક કર્મચારીઓને સાતમા પગારપંચનો લાભ આપવા બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ એનજીસી/૧૦૧૬/CHE-૩૮૧/ખ,
સચિવાલય, ગાંધીનગર
તા.૧૨.૧૦.૨૦૧૭

વંચાણે લીધા:

(૧) શિક્ષણ વિભાગનો તા.૨૧.૦૭.૨૦૦૯ નો ઠરાવ ક્રમાંક: એનજીસી-૧૧૨૦૦૯-૮૦૩-ખ

(૨) શિક્ષણ વિભાગનો તા.૦૪.૦૫.૨૦૧૬ નો ઠરાવ ક્રમાંક: પરચ-૧૧૦૫૩૯૩-ખ(પા.ફા.)

(૩) શિક્ષણ વિભાગના તા.૧૪.૦૨.૨૦૧૭ નો ઠરાવ ક્રમાંક: એનજીસી/૧૦૧૫/CHE-૬૯/ખ

(૪) નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ કચેરીની તા.૨૯.૦૮.૨૦૧૭ તથા તા.૨૬.૦૯.૨૦૧૭ દરખાસ્ત ક્રમાંક:કવટ/એજી૧/નિતિ-૦૧/૨૦૧૭/૧૨૩૮૯, ૧૪૫૬૦

આમુખ:

રાજયની યુનિવર્સિટી સંલગ્ન બિનસરકારી અનુદાનિત આર્ટસ, સાયન્સ, કોમર્સ, લૉ અને બી.એડ. કોલેજો તથા બી.આર.એસ. કોલેજ, ડુમચાણી અને ગ્રામ મહાવિદ્યાલય શારદાગ્રામ કોલેજ, માંગરોળના બિનશૈક્ષણિક કર્મચારીઓને સાતમા કેન્દ્રીય પગારપંચની ભલામણો પ્રમાણે સુધારેલ પગાર ધોરણ આપવા નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ગાંધીનગર દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક-(૪) ના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ હતી, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

૨. પુખ્ત વિચારણાને અંતે, રાજયની યુનિવર્સિટી સંલગ્ન બિનસરકારી અનુદાનિત આર્ટસ, સાયન્સ, કોમર્સ, લૉ અને બી.એડ. કોલેજોની આ સાથેના કોષ્ટક-અ માં દર્શાવેલ મંજુર થયેલી કુલ-૩૨૬૪ જગ્યાઓ પૈકી ભરેલી કુલ-૨૫૮૧ જગ્યાઓને તથા કોષ્ટક-બ માં દર્શાવેલ બી.આર.એસ કોલેજ, ડુમચાણી અને ગ્રામ મહાવિદ્યાલય શારદાગ્રામ કોલેજ, માંગરોળની કુલ-30 જગ્યાઓ પૈકી ભરેલી કુલ-૨૫ જગ્યાઓ એમ મળી કુલ-૨૬૦૬ જગ્યાઓને સ્કેલ ટુ સ્કેલના ધોરણે સાતમાં પગારપંચ મુજબ પગાર સુધારણા નીચેની શરતોને આધીન મંજૂર કરવામાં આવે છે.

Scanned by CamScanner

શરતો:

(૧) ગુજરાત રાજ્ય સેવા(પગાર સુધારણા) નિયમો, ૨૦૧૬ અનુસાર તા.૦૧.૦૧.૨૦૧૬ થી સ્કેલ ટુ સ્કેલને ધોરણે પગાર સુધારણા મળવાપાત્ર થશે.

(૨) સરકાર/નાણા વિભાગની મંજુરી મેળવીને વિભાગના ઠરાવ હેઠળ જેટલી જગ્યાઓને "સ્કેલ ટુ સ્કેલ" ના ધોરણે છઠ્ઠા પગાર પંચ મુજબ પગાર સુધારણા મંજુર કરવામાં આવેલ છે તે જગ્યાઓ અને ત્યાર બાદ જો રાજ્ય સરકારની મંજુરીથી નિયમિત પગાર ધોરણમાં ઉભી કરવામાં આવેલ હોય તો તેવી કોષ્ટકમાં દર્શાવેલ સંવર્ગની કુલ=૨૬૦૬ (વર્ગ-૩ અને વર્ગ-૪)ભરેલી જગ્યાઓને સાતમા પગાર પંચ મુજબની પગાર સુધારણાનો લાભ મળવાપાત્ર થશે.

(૩) કોષ્ટકમાં દર્શાવેલ સંવર્ગ જગ્યાઓ સિવાયના કોઇ પણ સંવર્ગ/જગ્યાઓ તથા આઉટ સોર્સિંગથી ભરેલ જગ્યાઓને સાતમા પગાર પંચનો લાભ આપી શકાશે નહિ. ખાલી જગ્યાઓ નાણા વિભાગ/સરકારની મંજૂરી વગર ભરી શકાશે નહીં કે પુન: જીવિત કરી શકાશે નહીં.

(૪) અનુદાનિત સંસ્થા દ્વારા સરકારની મંજુરી વગર ઉભી કરવામાં આવેલ કે ભરવામાં આવેલ જગ્યાઓ, કરાર આધારે ભરેલ કે ફીક્સ પગારથી ભરેલ જગ્યાઓને પગાર સુધારણાનો લાભ મળવાપાત્ર થશે નહીં કે તે જગ્યાઓને અનુદાનિત જગ્યાઓમાં તબદીલ કરી શકાશે નહિ. સંસ્થા દ્વારા સ્વભંડોળમાંથી વેતન ચુકવવામાં આવતું હોય તેવી જગ્યાઓને પગાર સુધારણા મંજુર કરી શકાશે નહી. તે અંગે સંસ્થાએ નિર્ણય કરવાનો રહેશે. પરંતુ રાજ્ય સરકાર દ્વારા કોઈ અનુદાન આપવાનું રહેશે નહી. અલબત્ત નાણા વિભાગના તા.૧૬-૦૨-૨૦૦૬ના ઠરાવથી નિયત થયેલ નીતિ હેઠળ પાંચ વર્ષ સુધી ફીક્સ પગાર અને ત્યાર બાદ નિયત પગાર ધોરણની યોજના હેઠળ સરકારની મંજુરીથી ઉભી થયેલ અને સરકારની મંજૂરીથી ભરવામાં આવેલ જગ્યાઓને, અનુદાનિત મહેકમની જગ્યાઓની મર્યાદામાં, નિયત વર્ષોની ફીકસ પગારની સેવા પૂર્ણ થયેથી આ પગાર સુધારણાનો લાભ મંજુર કરી શકાશે.

(૫) રાજ્ય સરકારના નિર્ણય અનુસાર ખરેખર પગાર સુધારણા તા.૦૧.૦૮.૨૦૧૭ થી એટલે કે ઓગષ્ટ-૨૦૧૭ પેઇડ ઇન સપ્ટેમ્બરમાં મળવાપાત્ર થશે. તા.૦૧.૦૧.૨૦૧૬ થી તા.૩૧.૦૭.૨૦૧૭ સુધીના સમયગાળાની પગાર તફાવતની રકમ અંગે રાજ્ય સરકાર દ્વારા નિર્ણય લેવામાં આવે ત્યાર બાદ જ મળવાપાત્ર થશે.

(૬) રાજ્ય સરકારના નિર્ણય અનુસાર અધિકારી/કર્મચારીઓને મળવાપાત્ર ભથ્થા વિદ્યમાન છઠ્ઠા પગાર પંચ મુજબના પગાર ઉપર અને મળવાપાત્ર દર મુજબ

Scanned by CamScanner

જ મળવાપાત્ર થશે.

(૭) રાજ્ય સરકાર દ્વારા રાજ્ય સરકારના કર્મચારીઓ માટે સાતમા પગાર પંચને સંબંધિત જે ઠરાવો બહાર પાડવામાં આવેલ છે તે ઠરાવોની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સંસ્થા પોતાની સત્તાની રૂએ કોઇ છુટછાટ આપી શકાશે નહિ.

(૮) રાજય સરકારની મંજૂરી વિના હવે પછી કોઇ જગ્યા ઠરાવ કરીને ઉભી કરી શકાશે નહિ અને તેને સાતમા પગાર પંચ મુજબનો પગાર/પગાર સુધારણા મંજુર કરી શકાશે નહીં. રાજ્ય સરકારની મંજુરીથી ઊભી કરવામાં આવેલ જગ્યાઓ નિયત ભરતી નિયમોની જોગવાઈઓ અને નિયત ભરતી પ્રક્રિયા અનુસાર જ ભરવાની રહેશે. સામાન્ય રીતે રાજ્ય સરકારમાં અમલમાં રહેલ નિયમો, શૈક્ષણિક લાયકાત અને લઘુતમ અનુભવના ધોરણો અનુસાર જ ભરતી/બઢતી આપવાની રહેશે. તથા રાજ્ય સરકારના સેવા અને વર્ગીકરણના નિયમો અનુસાર નીચલી જગ્યાના લઘુત્તમ અનુભવના માપદંડને અનુસરવાનો રહેશે.

(૯) રાજ્ય સરકાર દ્વારા મંજૂર કરવામાં આવેલ જગ્યાઓ પર સંસ્થા દ્વારા નિયત ભરતી પ્રક્રિયા દ્વારા ભરેલ જગ્યાઓને જ સાતમા પગારપંચ મુજબ પગાર સુધારણાનો લાભ મળવાપાત્ર થશે. તે સિવાયની જગ્યાઓ માટે રાજ્ય સરકારની જવાબદારી રહેશે નહી તથા તે માટે કોઇ અનુદાન (પગાર –ભથ્થા અને નિવૃતિ લાભો માટે) રાજ્ય સરકાર દ્વારા ચૂકવવામાં આવશે નહી.

(૧૦) ગુજરાત સરકારની સૂચનાઓ મુજબ વર્ગ-૩ સંવર્ગની તમામ જગ્યાઓ લેખીત પરીક્ષાથી ભરવાની રહેશે.

(૧૧) સાતમા પગાર પંચનો લાભ આપવા માટેની દરખાસ્ત કરવામાં આવેલ જગ્યાઓ પૈકીની જેટલી જગ્યાઓને સાતમા પગાર પંચનો લાભ મંજુર કરવામાં આવેલ છે તે સિવાયની કોઇ પણ જગ્યાને સાતમા પગાર પંચનો લાભ આપી શકાશે નહિ. આ માટે સંસ્થા/ખાતાના વડાની કચેરી પોતાની સત્તાનો ઉપયોગ કરીને કોઇ કાર્યવાહી હાથ ધરશે તો તે અંગેની જવાબદારી તે કચેરીની રહેશે.

(૧૨) સંસ્થા/કોલેજ દ્વારા રાજ્ય સરકારના સેવા વિષયક નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૩) સંસ્થા/કોલેજ પોતાની સત્તાની રૂએ કોઇપણ જગ્યાઓ ઉભી કરી શકશે નહિ અને કોઇપણ કર્મચારીની ભરતી કરી શકશે નહિ. નવી ઉભી કરવાપાત્ર જગ્યાઓ માટે તેમજ તેની ભરતી માટે રાજ્ય સરકારની પૂર્વ મંજૂરી મેળવવાની રહેશે. આ શરતનો અમલ કરવામાં ન આવે તો સંસ્થાની

Scanned by CamScanner

જવાબદારી રહેશે.

(૧૪) સંસ્થા/કોલેજ દ્વારા રાજ્ય સરકારની કરકસરની નીતિનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૫) પાંચમા તેમજ છઠ્ઠા પગાર પંચ વખતે રાજ્ય સરકાર દ્વારા હુકમો કરી જે ભથ્થાંઓ મંજુર કરેલ છે. તે ઉપરાંત કોઇ વધારાના ભથ્થાં ચૂકવવાના રહેશે નહીં કે પ્રવર્તમાન ભથ્થાંઓના દરમાં કોઇ વધારો કરવાનો રહેશે નહીં કે વધારાના પ્રોત્સાહન(incentives)/લાભ રાજ્ય સરકારની મંજુરી વગર આપી શકાશે નહીં.

(૧૬) સંસ્થા/કોલેજના તમામ કર્મચારીઓનું આઇ.એફ.એમ.એસ.સીસ્ટમ દ્વારા ફરજીયાતપણે ઓન લાઈન પે-ફીક્સેશન તથા ઓનલાઈન વેરીફીકેશન કરાવવાનું રહેશે. વેરીફીકેશન કરાવવાની જવાબદારી જે તે સંસ્થાના પે ફીક્શેશન કરનાર અધિકારી/ઉપાડ અને વહેંચણી અધિકારીની રહેશે.

(૧૭) યુનિવર્સિટી સંલગ્ન બિનસરકારી અનુદાનિત કોલેજોના કર્મચારીઓને સાતમા પગાર પંચ મુજબ પગાર સુધારણા/પગાર બાંધણી અંગે નિયત નમૂનામાં વિકલ્પ આપી શકાશે અને સબંધિત કચેરી દ્વારા કર્મચારીઓ પાસેથી વિકલ્પ મેળવ્યા બાદ જ વિકલ્પ મુજબ જે તે તારીખથી પગાર બાંધણી કરવાની રહેશે. એક વાર આપવામાં આવેલ વિકલ્પ આખરી ગણાશે. સંસ્થાના કર્મચારીઓ પાસેથી નિયત નમૂના મૂજબના બાહેંધરી પત્રમાં બાહેંધરી મેળવવાની રહેશે.

(૧૮) છઠ્ઠા પગાર પંચ મુજબની પગાર બાંધણીની ચકાસણી સક્ષમ સત્તાધિકારી દ્વારા કરવામાં આવેલ હોય તેવા કર્મચારીઓની જ સાતમા પગાર પંચ પ્રમાણે ઓન લાઈન પગાર બાંધણી કરવાની રહેશે. પગાર બાંધણીની ચકાસણી બાકી હોય તેવા કર્મચારીની સાતમા પગાર પંચ મુજબ પગાર બાંધણી થઈ શકશે નહીં.

(૧૯) સંસ્થાએ કોઇ જગ્યા પોતાની રીતે ભરી હશે અથવા ભરશે તો આવી જગ્યાઓને પગાર સુધારણાનો લાભ આપવાનો રહેશે નહીં.

(૨૦) તા.૧/૧/૨૦૧૬ના રોજ કે ત્યારબાદ નિવૃત્ત થયેલા અધિકારીઓ/કર્મચારીઓને નિયમાનુસાર સાતમા પગાર પંચ મુજબના પગાર ધોરણ (ગ્રેડ પેને અનુરૂપ પે મેટ્રીક્સના લેવલ)માં મળવાપાત્ર પગાર તથા તે મુજબના નિવૃતિ લાભો જો મળવાપાત્ર થતા હશે તો તે ચુકવવાના રહેશે.

(૨૧) શિક્ષણ વિભાગના તા.૦૪.૦૫.૨૦૧૬ ના ઠરાવથી વર્ગ-૪ ની કુલ ૭૭૭ જગ્યાઓની સામે આઉટ સોર્સીંગથી સેવાઓ લેવાની મંજુરી આપવામાં આવેલ હોઈ તે જગ્યાઓ ભરવાની રહેશે નહીં. પરંતુ સામાન્ય વહીવટી વિભાગના

Scanned by CamScanner

ઠરાવથી નક્કી થયા અનુસાર સેવાઓ આઉટ સોર્સીંગથી લેવાની રહેશે.

(૨૨) શિક્ષણ વિભાગના તા.૦૪.૦૫.૨૦૧૬ ના ઠરાવથી વર્ગ-૩ ની ૭૧૩ જગ્યાઓ રાજ્ય સરકારની પ્રવર્તમાન નીતિ અનુસાર પ્રથમ પાંચ વર્ષ માટે ફીકસ પગાર અને ત્યાર બાદ નિયમિત પગાર ધોરણમાં ભરવાની મંજુરી આપવામાં આવેલ છે. પરંતુ મંજુર થયેલ મહેકમ મુજબ ૬૮૮ જગ્યાઓ જ ઉપલબ્ધ થાય છે. તે ધ્યાને લેતાં ૭૧૩ જગ્યાઓને બદલે ૬૮૮ જગ્યાઓ ફીકસ પગારથી ભરવાની રહેશે. તે પૈકી ૨૪૭ જગ્યાઓ સીધી ભરતીથી અને ૪૪૧ જગ્યાઓ બઢતીથી ભરવાની વિચારણા કરવાની રહેશે. ૪૪૧ જગ્યાઓ બઢતીથી ભરવા અંગે નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી દ્વારા સમીક્ષા કરી જો પગાર ધોરણ મુજબ જગ્યાઓ મંજુર કરવાની થતી હોય તો દરખાસ્ત કરી નાણા વિભાગની પૂર્વ મંજુરી મેળવવાની રહેશે. ત્યાર બાદ જ જગ્યાઓ ભરી શકાશે.

(૨૩) આ મંજુરી નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી દ્વારા રજુ કરવામાં આવેલ વિદ્યમાન પગાર ધોરણની વિગતોને ધ્યાને લઈ આપવામાં આવેલ હોઈ, નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી દ્વારા પુનઃ ચકાસણીને આધીન 'સ્કેલ ટુ સ્કેલ'ને ધોરણે પગાર બાંધણી કરવાની રહેશે. તેમાં વિસંગતતા જણાયે જરૂરી સ્પષ્ટતા માટે શિક્ષણ વિભાગ મારફત નાણા વિભાગનો પરામર્શ કરવાનો રહેશે.

૩. આ પગાર સુધારણાની મંજુરી ઉપર જણાવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાની શરતે આપવામાં આવતી હોઈ આ શરતોનું પાલન થાય તે નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરીએ સુનિશ્ચિત કરવાનું રહેશે. કોઈ મુદ્દા અંગે સ્પષ્ટતાની જરૂર જણાયે નાણા વિભાગનો પરામર્શ કરવાનો રહેશે.

૪. આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૦૯.૧૦.૨૦૧૭ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નિકુંજ જાની)
ઉપસચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

Scanned by CamScanner

- માન.રા.ક.મંત્રીશ્રી(ઉ.અનેટે.શિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી(ઉ. અને ટે.શિ.) ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ – ૧ (ઓડીટ), ગુજરાત રાજ્ય, અમદાવાદ- રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલ – ૨ (પે એન્ડ ઇ), ગુજરાત રાજ્ય, અમદાવાદ- રાજકોટ.
- પગાર એકમ, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી (ઇડીપી સેલ અને પગાર ચકાસણી એકમ), ગાંધીનગર
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- રજીસ્ટ્રારશ્રી, તમામ સરકારી યુનિવર્સિટીઓ, ગુજરાત રાજ્ય. (ઉ.શિ.નિયામકશ્રીની કચેરી મારફતે)
- આચાર્યશ્રી, તમામ બિન સરકારી અનુદાનિત કોલેજો (ઉ.શિ.નિયામકશ્રીની કચેરી મારફતે)
- સિસ્ટમ મેનેજર, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (વેબસાઇટ પર અપલોડ કરવાની વિનંતીસહ)
- સેકશન અધિકારીશ્રી, ખ-૧ ખ-૨ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઇલ.

Scanned by CamScanner

શિક્ષણ વિભાગના તા.૧૨.૧૦.૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક: એનજીસી/૧૦૧૬/CHE-૩૮૧/ખ સાથેનું બિડાણ

**કોષ્ટક-અ**

| અ. નં. | સંવર્ગ | તા.૦૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા અનુદાનિત નિયમિત પગાર ધોરણની જગ્યાઓ પૈકી | | | છઠ્ઠા પગાર પંચ મુજબની પગાર સુધારણા મંજુર કરવામાં આવેલ હોય તે ઠરાવની અનુસૂચિમાં દર્શાવેલ પે બેન્ડ અને ગ્રેડ પે | | | સાતમા પગાર પંચ મુજબની પે મેટ્રીક્ષમાં ગ્રેડ પે આધારીત લેવલ | પે મેટ્રીક્ષ મુજબ લઘુત્તમ પગાર |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મંજૂર જગ્યાની સંખ્યા | ભરેલી જગ્યા | ખાલી જગ્યાઓ | પે બેન્ડ | પગાર ધોરણ | ગ્રેડ પે | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | કોમ્પ્યુટર પ્રોગ્રામર | ૭૮ | ૭૩ | ૫ | PB-2 | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૪૦૦ | ૭ | ૩૯૯૦૦ |
| ૨ | તબલા એકોમ્પનીસ્ટ | ૧ | ૧ | ૦ | PB-2 | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૪૦૦ | ૭ | ૩૯૯૦૦ |
| ૩ | તબલા લહેરા પ્લેયર | ૨ | ૧ | ૧ | PB-2 | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૪૦૦ | ૭ | ૩૯૯૦૦ |
| ૪ | નગ્મા એન્ડ લહેરા પ્લેયર | ૨ | ૨ | ૦ | PB-2 | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૪૦૦ | ૭ | ૩૯૯૦૦ |
| ૫ | ઇન્સ્ટ્રુમેન્ટ એટેન્ડન્ટ | ૧ | ૧ | ૦ | PB-1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | ૨ | ૧૯૯૦૦ |
| ૬ | ઓફિસ સુપ્રિન્ટેન્ડેન્ટ | ૧૧૭ | ૩૧ | ૮૬ | PB-2 | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૪૦૦ | ૭ | ૩૯૯૦૦ |
| ૭ | હેડ કલાર્ક | ૨૩૫ | ૧૨૮ | ૧૦૭ | PB-2 | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૨૦૦ | ૬ | ૩૫૪૦૦ |
| ૮ | હેડ કલાર્ક (એકાઉન્ટન્ટ) | ૧૬૯ | ૮૩ | ૮૬ | PB-2 | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૨૦૦ | ૬ | ૩૫૪૦૦ |

Scanned by CamScanner

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ગેસ મિકેનિક | ૨૪ | ૧૮ | ૬ | PB-1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | ૪ | ૨૫૫૦૦ |
| ૧૦ | એકાઉન્ટ કલાર્ક | ૦ | ૦ | ૦ | PB-1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | ૪ | ૨૫૫૦૦ |
| ૧૧ | સિનીયર કલાર્ક | ૫૨૮ | ૩૯૭ | ૧૩૧ | PB-1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | ૪ | ૨૫૫૦૦ |
| ૧૨ | સ્ટોર કીપર | ૨૦ | ૧૯ | ૧ | PB-1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | ૪ | ૨૫૫૦૦ |
| ૧૩ | લેબ. આસી. (એસસીસી એન્ડ અધર્સ) | ૧૭૫ | ૧૨૨ | ૫૩ | PB-1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | ૨ | ૧૯૯૦૦ |
| ૧૪ | લેબ આસી. (સિનિ. સ્કેલ લેબ ટેકનીશીઅન | ૧૦૨ | ૬૫ | ૩૭ | PB-1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૮૦૦ | ૫ | ૨૯૨૦૦ |
| ૧૫ | જુનિ. કલાર્ક/પ્લાન્ટ કલેકટર(એસએસસી) | ૫૫૨ | ૩૮૪ | ૧૬૮ | PB-1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | ૨ | ૧૯૯૦૦ |
| ૧૬ | પ્લમ્બર | ૦ | ૦ | ૦ | PB-1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | ૨ | ૧૯૯૦૦ |
| ૧૭ | સિનિયર ટાઇપીસ્ટ | ૦ | ૦ | ૦ | PB-1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | ૨ | ૧૯૯૦૦ |
| ૧૮ | કેશીઅર | ૦ | ૦ | ૦ | PB-1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | ૨ | ૧૯૯૦૦ |
| ૧૯ | લાયબ્રેરી કલાર્ક | ૦ | ૦ | ૦ | PB-1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | ૨ | ૧૯૯૦૦ |
| ૨૦ | ઇલેકટ્રીશીઅન | ૨૯ | ૨૭ | ૨ | PB-1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | ૨ | ૧૯૯૦૦ |
| ૨૧ | નાયક (હેડ પ્યુન) | ૦ | ૦ | ૦ | S-1 | ૪૪૪૦-૭૪૪૦ | ૧૪૦૦ | IS-2 | ૧૫૦૦૦ |

Scanned by CamScanner

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૨ | પ્યુન/હમાલ/સફાઇ કામદાર /ડુપ્લીકેટીંગ મશીનમેન | ૧૦૨૨ | ૧૦૨૨ | ૦ | S-1 | ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ | IS-1 | ૧૪૮૦૦ |
| ૨૩ | લાયબ્રેરી એટેન્ડન્ટ/ પ્લાન્ટ કલેકટર (નોન એસએસસી) | ૦ | ૦ | ૦ | S-1 | ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ | IS-1 | ૧૪૮૦૦ |
| ૨૪ | ચોકીદાર/માળી | ૨૦૭ | ૨૦૭ | ૦ | S-1 | ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ | IS-1 | ૧૪૮૦૦ |
| કુલ | | ૩૨૬૪ | ૨૫૮૧ | ૬૮૩ | | | | | |

(નિકુંજ જાની)
ઉપસચિવ
શિક્ષણ વિભાગ

Scanned by CamScanner

શિક્ષણ વિભાગના તા.૧૨.૧૦.૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક: એનજીસી/૧૦૧૬/CHE-૩૮૧/ખ સાથેનું બિડાણ

## કોષ્ટક-બ

### બી.આર.એસ કોલેજ, ડુમયાણી અને ગ્રામ મહાવિદ્યાલય શારદાગ્રામ કોલેજ, માંગરોળના બિનશૈક્ષણિક કર્મચારીઓની સાતમા પગાર પંચ મુજબ પગાર સુધારણાની વિગતો

| ક્ર. નં. | સંવર્ગ | તા.૦૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા અનુદાનિત નિયમિત પગાર ધોરણની જગ્યાઓ પૈકી | | | છઠ્ઠા પગાર પંચ મુજબની પગાર સુધારણા મંજુર કરવામાં આવેલ હોય તે ઠરાવની અનુસૂચિમાં દર્શાવેલ પે બેન્ડ અને ગ્રેડ પે | | | સાતમા પગાર પંચ મુજબની પે મેટ્રીક્ષમાં ગ્રેડ પે આધારીત લેવલ | પે મેટ્રીક્ષ મુજબ લઘુત્તમ પગાર |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મંજૂર જગ્યાની સંખ્યા | ભરેલી જગ્યા | ખાલી જગ્યાઓ | પે બેંડ | પગારધોરણ | ગ્રેડ પે | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | હેડ કલાર્ક | ૧ | ૧ | ૦ | PB-2 | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૨૦૦ | ૬ | ૩૫૪૦૦ |
| ૨ | સિનીયર કલાર્ક | ૨ | ૧ | ૧ | PB-1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | ૪ | ૨૫૫૦૦ |
| ૩ | જુનિ. કલાર્ક | ૪ | ૨ | ૨ | PB-1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | ૨ | ૧૯૯૦૦ |
| ૪ | પટાવાળા | ૨ | ૨ | ૦ | 1S | ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ | IS-1 | ૧૪,૮૦૦ |
| ૫ | સ્વીપર | ૩ | ૩ | ૦ | 1S | ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ | IS-1 | ૧૪,૮૦૦ |
| ૬ | હમાલ | ૦ | ૦ | ૦ | 1S | ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ | IS-1 | ૧૪,૮૦૦ |
| ૭ | માળી | ૨ | ૨ | ૦ | 1S | ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ | IS-1 | ૧૪,૮૦૦ |
| ૮ | શ્રમ સંયોજક | ૧ | ૧ | ૦ | PB-2 | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૨૦૦ | ૬ | ૩૫૪૦૦ |

Scanned by CamScanner

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | મદદનીશ શ્રમ સંયોજક | ૨ | ૨ | ૦ | PB-1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | ૨ | ૧૯૯૦૦ |
| ૧૦ | સંશોધન મદદનીશ | ૨ | ૨ | ૦ | PB-2 | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૨૦૦ | ૬ | ૩૫૪૦૦ |
| ૧૧ | ગૌશાળા મદદનીશ | ૨ | ૨ | ૦ | PB-1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | ૪ | ૨૫૫૦૦ |
| ૧૨ | સ્ટોકમેન | ૨ | ૨ | ૦ | PB-1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | ૪ | ૨૫૫૦૦ |
| ૧૩ | વાયરમેન | ૨ | ૨ | ૦ | PB-1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | ૪ | ૨૫૫૦૦ |
| ૧૪ | લેબ. આસિસ્ટન્ટ | ૨ | ૧ | ૧ | PB-1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | ૨ | ૧૯૯૦૦ |
| ૧૫ | સ્ટોરકીપર | ૨ | ૧ | ૧ | PB-1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | ૪ | ૨૫૫૦૦ |
| ૧૬ | ટ્રેક્ટર ડ્રાયવર | ૧ | ૧ | ૦ | PB-1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | ૨ | ૧૯૯૦૦ |
| ૧૭ | વિદ્યાવિસ્તાર મદદનીશ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | કુલ | ૩૦ | ૨૫ | ૫ | | | | | |

(નિકુંજ જાની)
ઉપસચિવ
શિક્ષણ વિભાગ

Scanned by CamScanner

Annexure-I

Form No.1

## FORM OF OPTION

[See rule 6]

*1. I ,................................................................................ hereby elect the revised pay structure with effect from 1st January, 2016.

*2. I,................................................................................hereby elect to continue on Pay Band and Grade Pay of my substantive / officiating post mentioned below until:

* the date of my next increment / the date of my subsequent increment raising my pay to Rs. ______/-

I vacate or cease to draw pay in the existing pay structure / the date of my promotion/financial upgradation to the post of ________________

Existing Pay Band and Grade Pay _____________

Signature ..................................................

Name ......................................................

Date:

Place:

Office in which employed ..........................

Signed before me.

Signature

Head of office (in case of non-gazetted Government employee)

Signature

Another Gazetted Officer (in case of Gazetted Government Employee)

..................................................................................................................

Received above declaration

Signature

Pay and Account officer/Head of Office

- To be strike out, if not applicable.

Scanned by CamScanner

Annexure-II

UNDERTAKING

I hereby undertake that in the event of my pay having been fixed in a manner contrary to the provisions contained in these Rules, as detected subsequently, any excess payment so made shall be refunded by me to the Government either by adjustment against future payments due to me or otherwise.

Signature ____________________

Name ____________________
Designation ____________________

Date:

Place:

Office in which employed

Signed before me

Signature
Head of office (in case of Non-Gazetted Government employee)

Signature
Another Gazetted Officer (in case of Gazetted Government Employee)

Scanned by CamScanner